Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




तंत्री

ચીમનલાલ ગોકળદાસ શાહ

તા. ૧૫-૯-૫૩ : અમદાવાદ

વર્ષ ૧૮ અંક : ૧૨ ]    [ ક્રમાંક : ૨૧૬

ACHARYA SRI KAILASSAGARSURI GYANMANDIR
SHREE MAHAVIR JAIN ARADHANA KENDRA
Koba, Gandhinagar - 382 007.
Ph. : (079) 23276252, 23276204-05
Fax : (079) 23276249

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# विषय–दर्शन


| ક્રમાંક: | લેખ : | લેખક : | પૃષ્ઠ : |
|---|---|---|---|
| ૧. | પરિગ્રહનું પાપ : | પૂ. મુ. શ્રી. ચંદ્રપ્રભસાગરજી : | ૨૧૭ |
| ૨. | પ્રતિકારનાં પગલાં અને સફળતા : | સંપાદકીય : | ૨૧૯ |
| ૩. | જીવો અને જીવવા દો : | પૂ. મુ. શ્રી. હંસસાગરજી : | ૨૨૩ |
| ૪. | અજ્ઞાનનો અંજામ : | પૂ. મુ. શ્રી. મહાપ્રભવિજયજી : | ૨૨૬ |
| ૫. | ઉપાધ્યાય વિવેકસમુદ્ર વિરચિત નરવર્મચરિત્ર : | શ્રી. ભંવરલાલજી નાહટા : | ૨૨૯ |
| ૬. | મુંબઈ મંડન શ્રી ચિંતામણિ પ્રતિષ્ઠા સ્તવન : | સં. શ્રી. અગરચંદજી નાહટા : | ૨૩૫ |
| ૭. | પ્રભાસપાટણના શિલાલેખો : | સં. પૂ. શ્રી. ચંદનસાગરજી : | ૨૩૭ |
| ૮. | શ્રી. જૈન સત્ય પ્રકાશનું અઢારમા વર્ષનું વિષય–દર્શન : | | ૨૩૯ |
| ૯. | વિનંતિ : | સંપાદકીય : | ટાઈટલ પેજ બીજું |




કોબા (ગાંધીનગર) પિ. ૩૮૨ ૦૦૯

## વિનંતિ

આ અંકે 'શ્રી જૈન સત્ય પ્રકાશ' માસિક પોતાના જીવનકાળનું અઢારમું વર્ષ પૂરું કરે છે; ત્યારે અમે ફરીથી પૂ. આચાર્યાદિ મુનિવરો, અને શ્રી જૈન સંઘને યાદ આપીએ કે—માસિક પોતાનું આયુષ્ય લંબાવી શકે અને સર્વથા પગભર બની શકે એ રીતે એને મદદ કરવાની જરૂર છે. આ પર્યુષણા પર્વ પ્રસંગે તે તે સ્થળના શ્રી સંઘો સમિતિને આર્થિક સહકાર આપવા પોતાથી બનતું કરશે એવી આશા રાખીએ છીએ.

—સંપાદક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ ॐ अर्हम् ॥

अखिल भारतवर्षीय जैन श्वेताम्बर मूर्तिपूजक
मुनिसम्मेलन संस्थापित

**श्री जैनधर्म सत्यप्रकाशक समितिनुं मासिक मुखपत्र**

जेशिंगभाईनी वाडी : घीकांटा रोड : अमदावाद (गुजरात)

| | | |
|---|---|---|
| वर्ष : १८ | વિક્રમ સં. ૨૦૦૯ : વીર નિ. સં. ૨૪૭૯ : ઈ. સ. ૧૯૫૩ | क्रमांक |
| अंक : १२ | ભાદરવા સુદિ ૭ : મંગળવાર : ૧૫ સપ્ટેમ્બર | २१६ |

# પરિગ્રહનું પાપ

લેખક : પૂજ્ય મુનિરાજ શ્રી ચંદ્રપ્રભસાગરજી

**એ**ક સમય એવો હતો જ્યારે માનવી આજીવિકા મેળવીને નિરાંત અનુભવતો. નિરાંતની વેળાએ એ આળસ પોષતો નહિ પરંતુ સંગીત, સાહિત્ય આદિ કળાઓથી પોતાના મુરઝાયેલા મનને ઉષ્મા આપતો, ચિંતનને નવાંકુરિત કરતો અને એ દ્વારા માનવતાના સંસ્કારોને ઉજ્જવળ બનાવવા પ્રયત્નશીલ રહેતો. નિરાંતનો સદુપયોગ ન કરનાર માનવી પશુ જેવો ગણાતો. સમાજની એ સ્થિતિને કોઈ કવિએ પોતાના શબ્દોમાં આ રીતે ચિત્રસ્થ કરી છે:—"सङ्गीत–साहित्यकलाविहीनः, साक्षात् पशुः पुच्छ–विषाणहीनः ॥"

આજે સમય પલટાયો છે. માનવીને જાણે નિરાંતની વેળા જ નથી. ધનની પાછળ એ ભમે છે. જોઈ શકાય એમ છે કે, પરિગ્રહની વૃત્તિને આધીન માનવી કેટલી હદે પહોંચ્યો છે અને એ કેવી ઉપમાને લાયક ગણાય તે નીચે આપેલી સરખામણીથી સમજાય છે.

*

માણસે સિંહને જંગલી, હિંસક અને ક્રૂર એવાં ત્રણ હલકાં વિશેષણો આપ્યાં છે અને એનાં જ પ્રતિસ્પર્ધી શહેરી, અહિંસક અને સૌમ્ય એવાં ત્રણ શ્રેષ્ઠ વિશેષણો પોતાની જાત માટે વાપર્યાં છે. પરંતુ આ વિશેષણો કોના માટે કેટલાં સાર્થક છે એનો વિચાર કરીએ.

**સિંહ ક્યારે શિકાર કરે ?**

સિંહ ભૂખ્યો હોય ત્યારે જ શિકાર કરે છે. ભૂખ ન હોય તો એની બાજુમાં થઈને એક નાનું બાળક પસાર થાય તો ય એની સામે એ મીટ માંડતો નથી કારણ કે એનું પેટ ભરેલું છે. એને સંગ્રહ કરવાની જરૂર પડતી નથી.

ત્યારે મનુષ્ય જેઓ કાળાંબજાર કરનારા, બજારને ઊંચો નીચો કરનારા, વસ્તુઓનો અપરિમિત સંગ્રહ કરનારા છે એ બધા શું ભૂખ્યા છે? બીજાના શ્રમથી કરોડોના માલિક બન્યા છતાંયે લૂંટ અટકતી નથી. જેમ ધન વધતું જાય છે તેમ શિકારીવૃત્તિ વિકસતી જાય છે તેનું કારણ શું? કારણ એ જ કે એને પેટ ભરવું નથી પણ મોટા પટારા ભરવા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આમ છતાં સંતોષમાં મગ્ન રહેનાર સિંહ જંગલી ગણાય અને અસંતોષથી જગતને લૂટનાર શહેરી ગણાય!

## સિંહ કોનો શિકાર કરે?

સિંહ સામાન્ય રીતે કોઈ ક્ષુદ્ર પ્રાણીનો શિકાર કરતો નથી. એ તો સમોવાડિયાનો જ શિકાર કરે. ત્યારે સ્વાર્થી મનુષ્ય પોતાના જેવા સમૃદ્ધ માણસને છેતરવા જાય તો એને જ એના શિકાર બનવું પડે; અને છેતરપીંડી ઉઘાડી પડી જાય. આથી પોતાથી ઊતરતો હોય એને શીશામાં ઉતારવાનો એ પ્રયત્ન કરે. ભોળાને છેતરીને જ એ મનમાં મલકાય. આમ છતાં એવો માણસ અહિંસક અને સિંહ હિંસક ગણાય. નાના માણસોને છેતરવામાં બહાદુરી માનનારો માણસ દયાળુ ગણાય!

## સિંહ કઈ રીતે શિકાર કરે?

સિંહ અણધાર્યો કોઈના ઉપર ત્રાટકતો નથી, પહેલાં એ ગર્જના કરે, ત્રાડ નાખે, પૂંછડું પછાડે, સામાને ચેતવણી આપી સાવધાન કરે; ત્યારે દંભી માણસ સામાને છેતરતો હોય છે ત્યારે એ ઘરાકને એમ કહે ખરો કે—'અમારે ત્યાં અસત્ય બોલાય છે, નવો માલ બતાવી જૂનો માલ અપાય છે, કાળાં બજાર કરાય છે; અમારે ત્યાં આવનારે સાવધાન થઈને આવવાની જરૂર છે.' એમ કહેનારો કોઈ વેપારી હજી સુધી જોવાયો છે? વેપારી તો પોતાની દુકાને પ્રામાણિકતાનાં પાટિયાં રાખે, સંત–મહાત્માઓના ફોટા રાખે, નેતાઓની છબીઓ રાખે—આ બધું શા માટે? અહિંસામાં જરાય ન માનતો હોય, અહિંસાના એકેય સિદ્ધાંતને પાળતો ન હોય છતાં ખાદી પહેરીને ફરે—એ શા માટે? લોકોના દિલ પર પ્રામાણિકતાની છાપ બેસાડવા ખાતર. એ સામા માણસની સાથે વાત કરતો હોય છે ત્યારે એના મોંમાંથી સાકર ઝરતી હોય એવું એ બોલતો હોય છે, એ માદકતાની એવી ભૂરકી છાંટે કે સામો માણસ એ વાણીના ઘેનમાંથી જાગી જ ન શકે. પોતાના ઘરાકને સમજવતાં એ કહે કે—'હું તે જૂઠું બોલું? મારે જૂઠું બોલીને કેટલા ભવ કાઢવા છે? હું ખોટું કહેતો હોઉં તો ભાઈના ગળાના સમ.' એમ કહી ઘરાકના ગળે હાથ નાખે. પણ એને ક્યાં ખબર છે કે, ભાઈ મરી જાય તો એને નહાવા–નીચોવાનું યે નથી.

આ રીતે માણસ મનમાં કંઈક ઘાટ ઘડતો હોય છે, વચને વળી જૂદું બોલતો હોય છે અને કાયાથી વળી ત્રીજું જ કરતો હોય છે. આવો દંભ કરનાર માણસ સૌમ્ય અને ચેતવણી આપી શિકાર કરનાર સિંહ ક્રૂર!

આ દ્વારા અહીં આખી માનવજાતને સિંહ સાથે સરખાવવામાં આવતી નથી. જેઓ ધર્મ ભૂલ્યા છે તેવાઓની જ આ વાત છે. જેઓ પોતાનો ધર્મ સમજે છે, જેમને પોતાના કર્તવ્યનું ભાન છે એ તો માનવ–કોટિમાં દેવપુરુષ છે. પરંતુ જેઓ ધર્મને ભૂલી કર્તવ્યને યાદ કરતા નથી, વિવેકને તજે છે તે માણસ સિંહ કરતાં શ્રેષ્ઠ કેમ ગણાય?

એવા ધર્મભૂલ્યા માનવીઓ શહેરી, અહિંસક, સૌમ્ય કહેવાતા હોય તો ભલે કહેવાય, એવા વિશેષણોની મહત્તા નથી. મહત્તા તો એ વિશેષણોને અનુરૂપ જીવન જીવનારની જ છે.

પરિગ્રહની ઘેલછા માણસને કેવો નૃશંસ બનાવી મૂકે છે તેનું ઉદાહરણ શોધવા જવું પડે એમ નથી. રોજ–બ–રોજ ખૂન, લૂંટ, અને હુમલાના તેમજ ભેળસેળના બનાવો બનતા જ જાય છે. પરિગ્રહના પૈશાચિક કૃત્યોથી સહુ સાવધાન બને એટલું જ માત્ર કહેવું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પ્રતીકારનાં પગલાં અને સફળતા

## સૌરાષ્ટ્ર સરકારને ધન્યવાદ; મુંબઈ સરકારને વિનંતિ

★

મુંબઈની ધી જનરલ બુક ડીપો તરફથી શ્રી કાંતિલાલ જોશી એમ. એ. એ સંપાદિત કરેલ "હમારી રાષ્ટ્રભાષા" પુસ્તકના સાત ભાગ પ્રગટ થયા છે. આ પુસ્તક મુંબઈ સરકારે હિન્દી-હિન્દુસ્તાનીના પાઠ્યપુસ્તક તરીકે મંજૂર કર્યું છે; અને સૌરાષ્ટ્ર સરકારે પણ પોતાના રાજ્યમાં એને રાષ્ટ્રભાષાના પાઠ્યપુસ્તક તરીકે સ્વીકાર્યું છે.

આ પુસ્તકના પાંચમા ભાગમાં સાતમા પાઠ તરીકે શ્રી પ્રતાપનારાયણ મિશ્રે "દાંત" ઉપર લખેલ રમૂજ ઉપજાવે એવો કટાક્ષ લેખ આપવામાં આવ્યો છે. આ લેખમાં "દાંત" થી સાહિત્યના નવ રસનો અનુભવ કેવી રીતે થઈ શકે એનું વર્ણન કરતાં કરતાં દાંતથી થતા બીભત્સ રસના અનુભવનો દાખલો આપતાં લેખકે જૈનોના મુનિમહારાજના દાંતના પ્રત્યક્ષ દર્શન કરવાનું નીચેના શબ્દોમાં (પૃ. ૨૭–૨૮)માં લખ્યું છે:—

**"बीभत्स रसका प्रत्यक्ष दर्शन करना हो तो किसी जैनियोंके जैनी महाराज के दांत देख लीजिए, जिनकी छोटीसी स्तुति यह है कि मैलके मारे पैसा लपक जाता है।"**

(આનો ભાવાર્થ એ થયો કે જૈન મુનિઓના દાંત એટલા બધા મેલા હોય છે કે એના ઉપર પૈસો ચોંટી જાય છે.)

આ લખાણ વાંચતાં એમ જ લાગે છે કે, લેખક મહાશયે બીભત્સ રસનો આવો દ્વેષભર્યો દાખલો ટાંકીને પોતાના લેખને જ બીભત્સ બનાવી દીધો છે. જૈન મુનિઓ માટેનું આવું લખાણ લેખકની જૈન-મુનિઓ પ્રત્યેની નરી નિરાદરવૃત્તિ અને દ્વેષભાવનાને જ વ્યક્ત કરે છે; સાથે સાથે એ એમની ક્રૂર મશ્કરી કરવામાં પણ પાછું પડતું નથી. જૈન મુનિઓનું જીવન કેવું તપ-ત્યાગ અને સંયમપરાયણ હોય છે, એ માટે લખવાનું આ સ્થળ નથી.

જે પુસ્તકમાં આવું સાંપ્રદાયિક દ્વેષ વ્યક્ત કરતું અને ધાર્મિક લાગણીને દુભવે એવું લખાણ હોય તે પુસ્તક જો પાઠ્યપુસ્તક તરીકે પસંદ કરવામાં આવે તો તેથી કુમળી વયના ઉછરતા બાળકોના દિલમાં જૈનધર્મ અને જૈન મુનિઓ પ્રત્યે તિરસ્કારની લાગણી જન્મ્યા વગર ન જ રહે. એક સર્વસાધારણ પુસ્તકમાં પણ જો આવું લખાણ હોય તો તે એ પુસ્તક માટે કલંક સમાન લેખાય તો પછી પાઠ્યપુસ્તક માટે તો કહેવું જ શું? આવા હલકા લખાણવાળું પુસ્તક પાઠ્યપુસ્તક તરીકે મંજૂર જ શી રીતે થઈ શકે? એ જ વિચારવા જેવો મુદ્દો છે. પુસ્તકમાંનું આવું લખાણ એ તો દૂધથી ભરેલા ઘડામાં વિષના ટીપાં નાખવાની જ ગરજ સારે!

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સૌરાષ્ટ્રમાં સાવરકુંડલાના જૈન યુવક મંડળે તા. ૫-૮-૫૩ના રોજ ખાસ ઠરાવ કરીને અને રાજકોટના 'જયહિંદ' પત્રે તા. ૬-૮-૫૩ના અંકમાં અગ્રલેખ લખીને સૌરાષ્ટ્ર સરકારનું આ વાત તરફ ધ્યાન દોર્યું તે માટે તે બન્નેને ધન્યવાદ ઘટે છે. એ ઠરાવ નીચે આપવામાં આવ્યો છે.

હવે જાણવા મળે છે કે-સૌરાષ્ટ્ર સરકારે આ વાત ઉપર તાત્કાલિક ધ્યાન આપીને આવા બેહૂદા લખાણવાળા આ પાઠને રદ કરવાનું ફરમાન કર્યું છે. આ વાતનો આટલી ઝડપથી નિકાલ લાવવા માટે સૌરાષ્ટ્ર સરકારને અને એના કેળવણીખાતાને અમે ધન્યવાદ આપીએ છીએ અને એમનો આભાર માનીએ છીએ.

દરમ્યાન આ પુસ્તકના સંપાદક શ્રી. કાંતિલાલ જોશીએ 'હમારી રાષ્ટ્રભાષા' પુસ્તકમાંના દાંત વિશેના પાઠમાં જૈનોની લાગણી દુભાય એવી હકીકત તરફ ધ્યાન ન રહેવા બદલ દિલગીરી દર્શાવતો પત્ર 'જયહિંદ' પત્રમાં પ્રગટ કર્યો છે તે અમે નીચે આપ્યો છે અને નવી આવૃત્તિમાંથી એ અયોગ્ય પંક્તિઓ રદ-બાતલ કર્યાનું એથી જાણવા મળે છે, આ રીતે પોતાની ભૂલ સુધારી લેવા બદલ સંપાદકને અમે ધન્યવાદ આપીએ છીએ.

પરંતુ આ વાત આટલેથી પતી જતી નથી આ પુસ્તક આખા મુંબઈ રાજ્ય માટે પાઠ્યપુસ્તક તરીકે મંજુર થયેલ હોવાથી મુંબઈ સરકારે પણ આ માટે, સૌરાષ્ટ્ર સરકારની જેમ તરત ઘટતાં પગલાં લેવાની અને આ પાઠને રદ કરવાની જાહેરાત કરવાની જરૂર છે. આશા રાખીએ કે આ માટે મુંબઈ સરકારને વધુ કહેવા-લખવાની જરૂર નહીં પડે.

## સાવરકુંડલાનો ઠરાવ

**આ**જરોજ તા. ૧૦-૮-૫૩ના રોજ પૂજ્ય પંન્યાસજી મહારાજ સાહેબ કનકવિજયજી ગણિવરના અધ્યક્ષપણા નીચે મળેલી સાવરકુંડલાના જૈન સંઘ સમસ્તની આ સભા- મુંબઈ તેમજ સૌરાષ્ટ્ર વિગેરે પ્રાંતોની માધ્યમિક શાળાના પાંચમા ધોરણમાં ચાલતી હિંદી પુસ્તિકા "હમારી રાષ્ટ્રભાષા"ના પાંચમા ભાગમાં સાતમા "દાંત" નામના પાઠમાં ત્રીજા પેરેગ્રાફમાં તેરથી સત્તર લીટીમાં જૈનોના પૂજ્ય ધર્મગુરુઓ-જૈન મુનિઓના દાંત માટે જે બેહુદુ-અયોગ્ય અને સારીયે જૈન આલમની લાગણી દુભાય તેવા પ્રકારનું લખાણ કરવામાં આવ્યું છે તેને આ સભા સખ્ત રીતે વખોડી કાઢે છે.

જ્યારે સરકાર બિનમજહબી અને બિનસાંપ્રદાયિક સરકાર તરીકે ઓળખાતી હોય અને દરેકને વ્યક્તિસ્વાતંત્ર્ય અને ધર્મસ્વાતંત્ર્યની બંધારણ દ્વારા ખાત્રી આપે છે, ત્યારે તે જ સરકારના કેળવણીખાતામાં આવા પ્રકારના ધર્મની લાગણી દુભાય તેવા લખાણવાળા પાઠવાળા પુસ્તકો પાઠ્યપુસ્તકો તરીકે ચાલતાં હોય તે કેટલું અયોગ્ય છે? સાથે આ "હમારી રાષ્ટ્રભાષા" ના સંપાદક શ્રી કાંતિલાલ જોશી તેમજ આ "દાંત" નામના પાઠના લેખક શ્રી પ્રતાપનારાયણ મિશ્ર તેમજ આ પુસ્તકના પ્રકાશક ધી જનરલ બુક ડીપો—આ બધાયે જૈન સમાજના પૂજ્ય સાધુ મુનિમહારાજો માટે જે અસભ્ય ઉલ્લેખ કર્યો છે તે માટે પોતાની દીલગીરી વ્યક્ત કરીને સાથે ભવિષ્યમાં આવું નહિ બને તેવી ખાત્રી આપવી જોઈએ તેમ આ સભા માને છે. અને જ્યાં સુધી આમ ન બને ત્યાં સુધી ભારતભરના જૈન સંઘોએ જોરશોરથી પોતાનો વિરોધ વ્યક્ત કરવો જોઈએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેળવણીખાતાએ આવાં પુસ્તકો પાઠ્યપુસ્તક તરીકે મંજૂર કરતાં પહેલાં રાખવી જોઈતી તકેદારી રાખી નથી તે માટે અને ફરીવાર આવા લખાણવાળાં પુસ્તકો પાઠ્ય-પુસ્તકો તરીકે મંજૂર નહીં થાય તેવી બાંહેધરી સમગ્ર જૈન સમાજને આપવી જોઈએ. આ સિવાયના બીજા જે જે પ્રાંતોમાં આ પુસ્તિકા ચાલતી હોય તે તે પ્રાંતોના કેળવણીખાતાને તથા માનનીય કેળવણી પ્રધાનોને અમો આ પાઠ તાત્કાલિક રદ કરવા વિનંતિ કરીએ છીએ.

સૌરાષ્ટ્ર સરકારના કેળવણીખાતાએ આ પાઠને અભ્યાસક્રમમાંથી કાઢી નાખવાનો પરિપત્ર સૌરાષ્ટ્રની શાળાઓ ઉપર રવાના કર્યો છે તે માટે જૈન સમાજની લાગણીને માન આપવા બદલ અમે તેમનો આભાર માનીએ છીએ; પણ હજુ અમારો વિરોધ ચાલુ જ રહે છે. કારણ કે હાલ જે જે શાળાઓમાં આ પાઠવાળી પુસ્તિકા ચાલતી હોય તેમાંથી તે પાઠના પાનાંઓ કાઢી નાખવામાં ન આવે ત્યાં સુધી આ આખું પુસ્તક જ અભ્યાસક્રમમાંથી રદ કરવું જોઈએ તેમ આ સભા સૌરાષ્ટ્રના તથા મુંબઈ સરકારના માનનીય કેળવણી પ્રધાનોને તથા કેળવણી ખાતાને આગ્રહભરી વિનંતિ કરે છે.

આપનો વિશ્વાસુ
**સાવરકુંડલા જૈન સંઘ**
માનદ મંત્રીઓ
**દોશી છબીલદાસ રાયચંદ**
**શેઠ છોટાલાલ મણિલાલ**

## જૈન મુનિઓના અયોગ્ય ઉલ્લેખ વિષે સંપાદકની દિલગીરી
## થયેલી ભૂલ અંગે સ્પષ્ટતા કરતો પત્ર

માન્યવર,

**આપના** પત્રના તા. ૬-૮-૫૩ના અગ્રલેખમાં 'હમારી રાષ્ટ્રભાષા' નામક ગદ્યપદ્ય સંગ્રહમાળાના પાંચમા ભાગના ૭મા પાઠના એક વાક્ય પરત્વે આપે કરેલી ટીકાના રૂપે નહિ, પણ એના સંપાદક તરીકે સ્પષ્ટીકરણ કરી દુર્લક્ષ બદલ ખેદ દર્શાવી ક્ષમા યાચવા આ પત્ર લખું છું.

એ પુસ્તક હિન્દી ભાષાની સાહિત્ય કૃતિઓનો સંગ્રહ છે. એનો હું સંપાદક છું, એ ખરું, પણ ચર્ચાસ્પદ બનેલા વાક્યવાળી કૃતિ મેં લખી નથી. ૫૮ વર્ષ પહેલાં થઈ ગયેલા ને ૪૦ પુસ્તકો રચી એક શિષ્ટ સાહિત્યકારની પ્રતિષ્ઠા પામેલા હિન્દી ભાષાના સુપ્રસિદ્ધ લેખક સ્વર્ગસ્થ પ્રતાપનારાયણ મિશ્રે લખેલો એ પાઠ છે. પ્રસ્તુત પાઠ વિનોદ પ્રધાન નિબંધ છે ને લેખકે તેમાં સ્વચ્છ અને સારા દાંતની ઉપયોગિતા સમજાવી છે. આપ એ કૃતિ વાંચી જશો તો આપને ખ્યાલ આવશે કે એ નિબંધ કોઈ ધર્મનો ઉપહાસ કરવા સ્વર્ગસ્થ મિશ્રે લખ્યો નથી.

પ્રયાગના ઇંડિયન પ્રેસ લિમિટેડે પ્રકાશિત કરેલા ને મૈરાવો (ઉ. પ્ર.)ની કોલેજના પ્રિન્સિપાલ શ્રી. શિવશંકર વર્મા એમ. એ. એ હાઈસ્કૂલની ઊંચી કક્ષા માટે તૈયાર કરેલા 'આદર્શ ગદ્યસંગ્રહ' નામના પાઠ્યપુસ્તકમાં એ કૃતિ પસંદગી પામેલી

૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોવાથી મેં હમારી રાષ્ટ્રભાષાના પાંચમા સંગ્રહમાં એને સ્થાન આપ્યું. એ પુસ્તકની એક નકલ અલગ રજીસ્ટર્ડ બુકપોસ્ટથી મોકલી છે. તેના પેજ નંબર ૧૪ ઉપર દાંતનો પ્રતાપ-નારાયણ મિશ્રનો લખેલો પાઠ છે. એ કૃતિમાં જૈનધર્મના ભાઈઓની લાગણી દુભવે તેવું એક વાક્ય આવે છે, એ જો મારા લક્ષમાં આવ્યું હોત તો તે વાક્ય મેં એમાં આવવા દીધું જ ન હોત, કારણ કે બધા ધર્મો પ્રત્યે મને માન ને પ્રેમ છે અને ધર્મ વિષયમાં કોઈની પણ લાગણી જરા પણ દુભાય એ યોગ્ય નથી એમ હું માનું છું. જૈન મુનિ મહારાજો માટે મને પૂર્ણ માન છે. શ્રી. મિશ્રના એ નિબંધમાં જૈન ભાઈઓની લાગણી દુભાય એવું એક વાક્ય છે એ વાત ગયા જુલાઈ માસમાં પુસ્તકનું પુનર્મુદ્રણ કરાવતી વેળા પ્રૂફ જોતાં મારા લક્ષમાં આવ્યું ત્યારે મને ખેદ થયો અને એ વખતે મેં એ વાક્ય એ પાઠમાંથી તરત જ કાઢી નાખ્યું. એ સુધારેલા પાઠવાળો ફર્મો આ સાથે આપને મોકલું છું. એ જુલાઈના છેલ્લા અઠવાડિયામાં છપાયો છે આ ઉપરથી આપ જોઈ શકશો કે મેં જાતે જ ખ્યાલ આવતાં એ વાક્ય કાઢી નાખી સુધારો કરી લીધો છે. મેં સંપાદિત કરેલા સંગ્રહમાંની એક કૃતિમાં જૈન ભાઈઓની લાગણી દુભાય એવું એક વાક્ય અજાણતાં રહી ગયું એ માટે મને ઘણો જ ખેદ થાય છે ને એ દુર્લક્ષના દોષ માટે જૈન સમાજની ક્ષમા માગું છું. એ વાક્ય સામે વિરોધ ઊભો થયો એ પહેલાં જ એ વાક્ય કાઢી નાખી પાઠ સુધારી લીધો છે એ હકીકત આપને તથા જૈન જનતાને મારી સદ્ભાવનાની ને જૈનધર્મ તરફની મારી સન્માનવૃત્તિની પ્રતીતિ કરાવશે, એવી આશા રાખું છું ને આગલી આવૃત્તિમાં મારા દુર્લક્ષના કારણે એ વાક્ય રહી ગયું એ બદલ ઊંડી દિલગીરી દર્શાવી ક્ષમા માગું છું.

મુંબઈ. ૨૧-૮-૫૩ લિ. કાન્તિલાલ જોશીના સવિનય પ્રણામ.

* *

[ અનુસંધાન પૃષ્ઠ : ૨૨૫થી ચાલુ ]

આ ભગીરથ કાર્યને તન, મન અને ધનથી વેળાસર સમર્પિત થઇ જવું હિતાવહ ગણાય. કારણ કે તેમાં હજારો નિર્દોષ અશરણ અને મૂંગાં પ્રાણીઓને જીવિતદાન આપવાની સાથે આપણા નાસ્તિક વિચાર ધરાવતા બંધુઓને પણ ઘોર પાપથી ઉગારી લઈ સદ્ગતિના ભાજન બનાવવાનું ભગીરથ પુણ્ય સમાયેલું છે. શાસ્ત્રકાર મહારાજ ફરમાવે છે કેઃ—

**यो रक्षति परजीवान्, रक्षति परमार्थतः स आत्मानम् ॥**
**यो हन्ति अन्यान् जीवान्, स हन्ति स्वकीयआत्मानम् ॥**

અર્થઃ—" જેઓ અન્ય જીવોનું રક્ષણ કરે છે, તેઓ પરમાર્થથી પોતાનું જ રક્ષણ કરે છે, જેઓ અન્ય જીવોને હણે છે તેઓ પરમાર્થથી પોતે પોતાને હણે છે."

પ્રાણીમાત્ર સમાન હોવાથી જે માનવ પશુ-પંખી પ્રત્યે નિર્દય રહે છે તે માનવ માનવ પ્રત્યે પણ પોતાને કોટી ઉપાયેસ દયાળુ લેખાવી શકતો નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જીવો અને જીવવા દો

## [ સાંવત્સરિક અમારીપડહ ]

લેખક : પૂજ્ય મુનિરાજ શ્રી. હંસસાગરજી [ વલ્લભીપુર, સૌરાષ્ટ્ર ]

> જીવો હાનિ કરે એટલે જીવલેણ થવું એ ભીષણ નિર્દયતા છે.
> સહુ પ્રાણીને સુખે જીવવા દઈને જીવવામાં માનવતા છે.

**જીવને** વધુમાં વધુ 'સ્પર્શેંદ્રિય, રસેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિંદ્રિય, શ્રોત્રેંદ્રિય, મનબળ, વચનબળ, કાયબળ, શ્વાસોશ્વાસ અને આયુષ્ય' એ દશ પ્રાણ હોય છે. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિના જીવો એકેંદ્રિય છે શંખ, કોડા, અળશિયાં, પૂરા વગેરે જીવો બેઈંદ્રિય છે. ઉદ્દેહી, જૂ, લીખ, માંકડ, ચાંચડ, મંકોડા, કીડી અને કુંથુઆ વગેરે જીવો તેઈંદ્રિય છે. કાનખજૂરા, ગીંગોડા, વીંછી, ઘીમેલ, ધનેરાં, માખી, મચ્છર, ડાંસ, પતંગિયા, કંસારી વગેરે જીવો ચઉરિન્દ્રિય છે. અને પોપટ, સૂડા, કાગડા, કબુતર, ચકલાં, કુકડાં, ચામાચીડિયાં, તેતર, કાબર, હોલાં, મોર, વાગોળ ( વળવાગડી ), બગલા, સારસ, બતક, હંસ, મેના, કોયલ વગેરે પક્ષિઓ તથા ગાય, ભેંસ, બળદ, ઊંટ, હાથી, ઘોડાં, ગધેડાં, હરણ, રોજ, વાંદરા, સિંહ, વાઘ, દીપડા, સાવજ, ચીતરા, કુતરાં, બિલાડાં, ભૂંડ ( ડુક્કર ), સસલાં, શિયાળ, સર્પ, ઘો, નોળિયો, શશ, ઉંદર વગેરે પશુઓ પંચેંદ્રિય છે. આ ઉપરાંત દેવો, મનુષ્યો અને નારકો પણ પંચેંદ્રિય છે.

મનુષ્યો અને દેવો સિવાયના ઉપરના સર્વપ્રાણીઓ તરતમતાએ પુણ્યહીન હોઈને નિરાધાર અને અશરણપ્રાય: છે. દેવો અને મનુષ્યો જો તેને સુખે જીવવા દેવાની દયા-બુદ્ધિવાળા હોય તો જ તેઓ સુખે જીવી શકે તેમ છે. મનુષ્યો અને દેવો જો નિર્દય હોય તો તે બિચારાં નિરપરાધી પ્રાણીઓનું જીવનસુખ, તેઓના કરપીણ હાથે અકાળે જ હણાઈ જવા પામે છે.

ઉપર જણાવેલ ૧૦ પ્રાણમાંથી એકેન્દ્રિયને ૪, બેઈંદ્રિયને ૬, તેઇંદ્રિયને ૭, ચઉરિંદ્રિયને ૮ અને પંચેંદ્રિયને ૧૦ પ્રાણ હોય છે. પશુ, પંખી, માનવ વગેરેને ૧૦ પ્રાણ હોય છે. ચાર પ્રાણ પછીનો એકેક પ્રાણ આત્માને ઘણું જ પુણ્ય ઉપાર્જન થયા પછી મળી શકે છે. જીભ, આંખ, કાન, નાક વગેરે એકેક પ્રાણ એટલા કિંમતી છે કે આખી દુનિયા આપી દેતાંય તેમાંનો એક પ્રાણ પણ મળી શકતો નથી. આવા કિંમતી ૧૦ પ્રાણ પશુ-પક્ષીઓ ધરાવે છે. પશુ કે પક્ષીને મારી નાખનાર હિંસક આત્મા, તે પશુ કે પક્ષીની કેટલી મહાન્ મૂડીનો લૂંટારુ છે તે વિચારવાનું આ સ્પષ્ટીકરણથી સુલભ બને છે. પોતાને પ્રાપ્ત થયેલ સબળતાના ચોમે મદમાં આવી જઈને તેવા નિરપરાધી અને નિરાધાર પશુ-પક્ષીઓનો વધ કરનાર અને કરાવનાર માનવ, કેટલું ભયંકર પાપ બાંધે છે, તેનું આ આછું દિગ્દર્શન છે.

માનવતાહીન માનવ જ તેવો નિર્દય બની શકે છે. દુનિયામાં નૈતિક નિયમ છે કે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતાના જીવનનો જે આધાર હોય તેને જે હણે તે નર અધમ ગણાય. ઉપર જણાવેલા એકેન્દ્રિયથી લઈ પંચેંદ્રિય પશુ અને પક્ષીઓ માનવને આધારભૂત છે. તેઓ દરેકને માનવની કે તેના હાડ–ચામ આદિ કોઈની જરૂર નથી; જ્યારે માનવને પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ આદિની જેમ ખાસ જરૂર છે, તેમ દૂધ, હાડ, ચામ, દાંત, શીંગ, નખ, પીછાં વિગેરેની હાજતો પૂરી પાડનારા પશુઓ અને પંખીઓની પણ ખાસ જરૂર છે. એની હયાતિ વિના બહુ હાજતોથી જીવતો માનવ ક્ષણભર પણ જીવવો મુશ્કેલપ્રાયઃ છે. માનવ તેમનો આવો ઓશિયાળ છે. આથી એકેંદ્રિયથી માંડી પંચેંદ્રિય ગણાતા પશુ–પક્ષી સુધીના પ્રાણીઓનો આધાર માનવ નથી; પરંતુ માનવનો આધાર તેઓ છે. આવા એ પોતાના આધારભૂત પ્રાણીઓને જો માનવ જ હણે તો તે માનવ, નિર્વિચારી, નિર્દય અને અધમ ગણાય એ સહેજે સમજી શકાય તેમ છે.

આમ છતાં એવા ય માનવો જોવાય છે કે, જેઓ પોતાના તે આધારને વાતવાતમાં હણે છે અને તેમ કરવામાં પાછા ગૌરવ ધરાવે છે! એવા ક્રૂર માનવનો અશરણપણે ભોગ બનનારા તે પશુ–પક્ષીઓ, જો માનવ કરતાં સબળ હોય તો માનવ તેમનાથી ચાહે તેટલી નુકશાની થતી હોવા છતાં પણ ખમી ખાતો જ હોત. તેઓને હણવાનો વિચાર સ્વપ્નેય કરત નહિ; ધર્મ બલિદાન માગતો નહિ હોવા છતાં માંસની લોલુપતાથી પશુનાં ક્રૂર બલિદાનમાં ધર્મ મનાવનારા પાખંડી જનોએ પણ સિંહ અને વાઘ આદિનાં બલિદાનનો તો વિચાર સરખો ય ક્યાં કર્યો છે?

આથી જ આર્યાવર્તમાં ઉત્પન્ન થયેલા દરેક દયાળુ દર્શનકાર ઋષિ-મુનિઓએ માનવના આધારભૂત તે પ્રાણીઓની [ તેની નબળાઈનો લાભ લઈને જે તે બહાને ] કતલ કરી નાખવાનું અપકૃત્ય કરનાર માનવને શિકારી, પારધી, પાપાત્મા આદિ શબ્દોથી ઓળખાવેલ છે.

મહામૂલ્યવાન ગણાતા મનુષ્યભવને પામેલા માનવોમાં પણ સોનું અને પિત્તળની જેમ આસ્તિક અને નાસ્તિક એમ બે વર્ગ સદાના છે. સર્વજીવવત્સલ ઋષિ–મુનિઓનાં વચનોને અનુસરનાર વર્ગ આસ્તિક અને એ આપ્ત મહર્ષિઓના વચનોથી વિપરીત વર્ત્તનાર વર્ગ નાસ્તિક કહેવાય છે. આસ્તિકનું જીવનધ્યેય, 'દુનિયાનાં તેવા બિચારા અશરણ પ્રાણીઓને આયુષ્યના અંતપર્યંત સુખે જીવવા દઉં, જીવડું અને હું જીવું' એ હોય છે; જ્યારે નાસ્તિકનું જીવનધ્યેય, 'દુનિયાનાં તેવાં નિરાધાર પ્રાણીઓના પણ જીવનના ભોગે હું જીવું' એ હોય છે. 'હું તેઓને પ્રાણ આપી શકતો નથી, તેઓનાં પ્રાણો મારી માલકીના નથી અને તેમના કિમતી પ્રાણોને ક્યા હક દાવાથી હણી શકું?' એ વિચાર નાસ્તિકને સ્વયં આવવો મુશ્કેલ છે.

આથી આપણા આ આર્યાવર્તમાં દયાળુ અને હિંસાખોર વિચારોનું દ્વંદ્વ ચાલ્યા કરે છે, અને તે તુમુલ દ્વંદ્વને અદ્યાપિ પર્યંતનો આસ્તિકવર્ગ, ઋષિમુનિ કથિત આપ્તવચનોના આધારે (નાસ્તિક વર્ગને ઠંડો બનાવી દઈને) સમાવી દેવામાં સફળ જ છે. એવા આપણા આ દયાપ્રધાન આર્યાવર્ત્તમાં પણ કાળદોષે આજે નાસ્તિક વિચારોને નિરંકુશ નાચતા પણ જોઈ રહેવું પડે, એ આસ્તિક વર્ગની નબળાઈની પરાકાષ્ટા છે. આજે આ આર્યાવર્તમાં નાસ્તિક વર્ગ, આસ્તિક વર્ગને પણ સફાઈપૂર્વક નાસ્તિક બનાવી દેવામાં પાવરધો જોવાય છે. એથી વધુ દુઃખ કયું હોઈ શકે?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઋષિ–મુનિઓએ જેને ધર્મ તરીકે ઓળખાવેલ છે, તે ‘ **અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને નિષ્પરિગ્રહ**’ને નાસ્તિક વર્ગેય ધર્મ તરીકે કબૂલ કર્યા વિના ચાલે તેમ નહિ હોવાથી આજે એ જ **અહિંસાદિ ધર્મનો** અંચળો ઓઢીને નાસ્તિક વર્ગ હિંસા, જૂઠ, કાળાબજાર, અબ્રહ્મ અને પરિગ્રહના ડુંગરા એકઠા કરવાપૂર્વક આસ્તિક વર્ગને છેતરી રહેલ છે. માનવીનું પેટ ભરવાને બહાને અશરણ, મૂંગા અને નિરાધાર પશુ-પંખીઓના અકાળે મોત નીપજાવીને માનવીને તે નિર્દોષ પ્રાણીઓના માંસના લોચા આરોગતો કરી માનવને દાનવ બનાવવાના ઘોર નાટકો ભજવી રહેલ છે ! એ રીતે અહિંસાના અંચળા તળે ‘ જગતના બધા પ્રાણીઓમાં માનવ જ કિંમતી છે અને તેથી બીજા બધા પ્રાણીઓના ભોગે પણ માનવ જીવવો જોઈએ ’ એવી માન્યતા અને પ્રવર્તન રખાય, તે અનાર્ય જનોનું હિંસક અનુકરણ જ ગણાય. જે જીવોને જીવવું છે, તેને જે તે બહાને મારી નખાય તેને અહિંસા તો મૂર્ખ જ માની શકે. પોતાને કોઈ ‘ મર ’ કહે તેટલામાં જે ધુંવા–ફુંવા થઈ જાય છે, તે માણસ બીજા જીવોને જાનથી મારી નાખતા લોકથી પણ કેમ લાજતો નહિ હોય ?

‘ ખેતીવાડી અને બાગબગીચાને હાનિ કરે છે, માટે તેઓને મારવાં જરૂરી છે ’ એવી દલીલ પણ નિર્દયતાસૂચક છે. નૈતિક એવો એકાદ પણ દાખલો નહિ મળે કે, એ પાંચ રૂપિયાનું નુકસાન કરનારને દેહાંત દંડ કરાય. જ્યારે પેટ ખાતર તો બસો–પાંચસો રૂપિયાનું નુકસાન પહોંચાડનારને ય રહેમદિલીપૂર્વક જતા કર્યા હોવાના દાખલાઓ સેંકડો મળી શકે તેમ છે. મોલાતની શરૂઆતથી જ તેમાં ઉપજતી વિવિધ જાતિની અસંખ્ય જીવાતો–ઈયળો, કાતરા, ગેરૂ, આગિયા વગેરેથી અને તૈયાર થયેલા પાકમાં થતા અસંખ્ય કુંથુ–ધનેરિયા વગેરેથી ખેતીવાડી અને બાગબગીચાને સદાને માટે અબજો રૂપિયાની અનિવાર્ય હાનિ ચાલુ જ હોવા છતાં અદ્યાપિ પર્યંત પશુની જેમ માનવી અનાજ અને ફળફલાદિ વગર ભૂખે મરેલ નથી; જ્યારે જ્યાં ત્યાં રખડી–રવડીને અને કુટાઇ–પીટાઈ ને પણ બહુધા ઘાસથી અને ખડધન આદિથીય કષ્ટે જ પેટનો અડધો–પડધો ખાડો પૂરવા પામતા પશુ–પંખીઓ તો બિચારા તે ઘાસ આદિનાય અભાવે આજે ઢગલાબંધ પ્રમાણમાં ભૂખે મરી રહેલ છે ! આ દુઃખદ બીના આંખ સામે હોવા છતાં પાંચ–પચીશની હાનિખાતર તેને પોતાના જ આધારભૂત પ્રાણીઓની કતલ ચલાવવા પ્રેરાવું તે ઘોર હિંસાખોર હૃદયનું પ્રતીક ગણાય. **અલ્પ નુકસાન કરે, તેને જો કતલની સજાનો ન્યાય ગણી કાઢવામાં આવે તો એ રીતે અન્ય પ્રાણીઓના અમૂલ્ય પ્રાણોને જ હણી લેવા જેવું મહાન નુકસાન કરે તેમને કઈ અને કેવી ઘોર સજા ન્યાય ગણાવે ?**

સર્વ પ્રાણી પેટ અને તે ભરાય તેટલું પુણ્ય, સાથે જ લઈને જન્મેલ હોવા છતાં ક્રૂર માનવીઓ પોતાના પેટનો ખાડો પૂરવાના કુટિલ બહાના તળે તેવાં નિરાધાર અને મૂક પાણીઓનાં ઊંડા ખાડાવાળાં ભૂખ્યાં પેટ જીવતાં જ ફાડી નાખવાનાં ઘોર પાપો ઉપાર્જે, એ બીના હરકોઇ આર્યને કમકમાટી ઉપજાવે તેવી કરુણ ગણાય. તેવા જનોને તેવી હિંસક પ્રવૃત્તિથી અટકાવવાના **શ્રી મુંબઈ જીવદયા મંડળીએ** લીધેલા સર્વ જીવો પ્રતિની પ્રેમાળ લાગણીભર્યાં **સંવત્સરીની શાસ્ત્રીય અમારીનાં** પગલાં હરકોઇ દયાવંત માનવીને વારંવાર અનુમોદનીય ગણાય આત્મકલ્યાણને ઇચ્છનાર ધર્મિષ્ઠ આત્માઓએ જીવદયા મંડળીના

[ જુઓ અનુસંધાન પૃષ્ઠ ૨૨૨ ]



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અજ્ઞાનનો અંજામ

લેખક : પૂજ્ય મુનિરાજ શ્રી મહાપ્રભવિજયજી ( આ. શ્રી. વિજયરામચંદ્રસૂરીશ્વરજી શિષ્ય )

**નિર્ધન દશામાં દુઃખથી કંટાળી, સ્ત્રી અને પુત્રને નિરાધાર મૂકી, પરદેશમાં શેઠે વેપાર માટે પ્રયાણ કર્યું. પુત્રના પુણ્યથી ઘરમાંથી ધન નીકળતાં મહેલ બંધાવ્યો, દેવાંગના જેવી આઠ કન્યાઓ પરણી, પરદેશ જઈ કરોડોની દોલત મેળવી એક વર્ષમાં પાછો વળતાં, તેના દર્શન માટે અને પરણાવવાની કોડ સેવતા, પરદેશથી પાછા ફરેલા પિતા આનંદ માનવાની જગાએ પોતાના સુખ ખાતર અજ્ઞાનથી તેને મરાવી નાખે છે. પિતા જિંદગી હારી જાય છે.**

**અજ્ઞાનથી** સાચા દુશ્મનો ઓળખાતા નથી અને શત્રુઓમાં પણ મિત્રનો આભાસ થઈ જાય છે. ખરું જોતાં આત્માના એકાંતે અહિતકારી એવા દુન્યવી પદાર્થો આપણને સુખના સાધનરૂપ દેખાય છે પણ આપણા ગળામાં જન્મ-મરણ-રોગ-શોક આદિનો કારમો ફાંસો ઘાલતા એ દુષ્ટો આપણાથી ઓળખી શકાતા નથી. અજ્ઞાને જગતમાં દુઃખના દાવાનળો સળગાવેલા છે. સ્પષ્ટ છે કે સઘળાએ દુઃખનું કારણ અજ્ઞાન છે. જ્ઞાનના પ્રતાપે અજ્ઞાન હઠે છે, મિથ્યાત્વ મરે છે, શત્રુ અને મિત્રનું ભાન થાય છે, દુરાચાર દૂર થાય છે, સદાચાર જીવનમાં પ્રગટે છે. દુઃખ સત્રળું ભાગે છે અને સુખ સ્વયં આવી મળે છે.

ધન-ધાન્યથી ભરપુર એક નગરમાં એક ધનહીન શેઠ અને શેઠાણી રહેતાં હતાં. પૂર્વના પાપોદયના કારણે તેમની પાસે નથી કોઈ સંપત્તિ, જર-જમીન, ઓથ કે આબરુ. સગાં કે વહાલાં માત્ર પોતે બે પતિ-પત્ની. આટલું બધું દુઃખ છતાં ભલી સ્ત્રી પતિને જરાયે કષ્ટ ઉપજાવતી નથી, આમ દિવસો વ્યતીત થાય છે. શેઠને ત્રીસ વર્ષની ઉંમરે એક પુત્ર થયો. શેઠને ગરીબાઈનું દુઃખ ઘણું સાલતું. લોકોના મેણાં-ટોણાં, અપમાન અને ધિક્કાર દેખી-સાંભળી શેઠના પ્રાણ કંઠે આવી ગયા. તેમણે શેઠાણીને કહ્યું : 'તું કુળવાન છે. પુત્રનું રૂડી રીતે જતન કરજે, તને વિશેષ કહેવાની જરૂર નથી. વ્યવહારમાં મારા કરતાં તું વિશેષ જાણે છે. હવે આ નગરમાં હું રહેવા માગતો નથી, પરદેશ જઈ જાત-મહેનતથી સંપત્તિ મેળવવા પ્રયત્ન કરીશ, સફળતા મળે અને ઉજળે મોંએ ફરી શકાય તેવી સ્થિતિ થશે તો હું પાછો આવીશ. નહિ તો આ આપણું છેલ્લું મિલન માનજે."

શેઠની દયામણી મુદ્રા, દીન વચન અને થરથરતી કાયા દેખી શેઠાણીની આંખોમાં શ્રાવણ-ભાદરવો વહેવા લાગ્યો; છતાં હૃદયને દબાવીને શેઠાણીએ પતિને વિનવ્યું : "નાથ ! પરદેશ જવાની જરૂર નથી. આ શહેરના સજ્જનો કંઈ તમને સંતાપતા નથી. અને દુર્જનો સતાપે તેમાં તો નવાઈ જ નથી. માટે શાંતિ રાખી પ્રભુભજન કરો. પૂર્વના પાપોદયે દુઃખ આવ્યું છે તો તેને પણ હસતે મોંએ સહન કરવામાં આપણી મહત્તા છે. કાયરતાથી દુઃખ જતું નથી. પરદેશ જવા માત્રથી કલ્યાણ થઈ જાય એ માનવાયોગ્ય નથી. અહીં સંતોષ રાખી રહીએ તો શું દુઃખ છે ! ખાવા રોટલો, રહેવા ઝુંપડી અને શરીર ઢાંકવા જાડાં કપડાં તો મળે છે." આમ શેઠાણીએ સમજાવ્યા છતાં શેઠે કંઈ ન માનતાં પરદેશ જવાનો અફર નિશ્ચય બતાવ્યો. દોરી, લોટો, બિસ્તરો અને થોડું ભાતુ લઈ શેઠ વિદાય થયા.

ઘેર નાનો બાળક અને તેની માતા નિરાધાર સ્થિતિમાં રહ્યાં, શેઠ થોડે દૂર ગયા હશે તેવામાં જ શેઠાણી પોતાના છોકરાને રમાડતાં હતાં. તે છોકરો પાસેના ખૂણામાં જઈ બેઠો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને માને ત્યાં ખોદવાનો આગ્રહ કરવા લાગ્યો. માએ બાળહઠને આધીન થઈ ખાડો કરવા માંડ્યો. વેંતેક ખોદતાં તેમાંથી સોનામહોરનો ભરેલો ચરુ નીકળ્યો. પુણ્યશાળી આત્માઓનું પુણ્ય કઈ રીતે અને કયા કાળે ઉદયમાં આવે છે તેની ગતિ અકળ છે, શેઠાણીએ પતિને પાછા બોલાવવા અનેક માણસો દોડાવ્યા પણ કંઈ પત્તો લાગ્યો નહિ. આ ચરુના ધનથી શેઠાણીએ સુંદર બંગલો બંધાવ્યો. ગાડી, ઘોડા આદિ અનેક સુખનાં સાધનો પોતાના પુત્રને માટે વસાવ્યાં. પોતે પતિવ્રતા હોઈ પતિનું સ્મરણ કરતી, શરીરને પોષવા માટે જ લૂખો, સૂકો આહાર કરતી અને પતિના ભલાની જપમાળા જપ્યા કરતી. પાણીના પ્રવાહે વર્ષો વહી ગયાં. પુણ્યશાળી બાળક સારી રીતે ભણ્યો, નગરમાં આબરુ જમાવી, લોકો તેમજ રાજાનો પણ માનીતો બન્યો.

વીસ વર્ષની ઉંમર થતાં પુત્રે કરીઆણાં ભરી પરદેશમાં વેપાર ખેડવા વિચાર કર્યો. તે વખતે માતાએ કહ્યું: "વત્સ! પરદેશ તું ભલે જા, તેમાં મારી ના નથી. પણ મારી એક વાત માની પરદેશ જવાનું હમણાં એક માસ માટે મુલતવી રાખ, તું ઉંમરલાયક છે અને સેંકડો શ્રીમંતો પોતાની દીકરીઓ માટે તારું માગું કરે છે, તેનો મારે શું જવાબ આપવો? માટે યોગ્ય કન્યાઓ સાથે લગ્ન કરી મારા મનોરથ પૂરીને પછી પરદેશ જા. મારા આશીર્વાદ છે કે તારું કલ્યાણ થશે. પરદેશ ગયેલા તારા પિતાજીનો કંઈ પત્તો નથી, તેમને શોધવા માટે પણ તને પરદેશ જવા મારી પ્રેરણા છે."

પુત્ર વિનીત હતો. એટલે હાથ જોડી નમ્રપણે કહેવા લાગ્યો કે, "મા! તારી ઇચ્છાથી વિરુદ્ધ મારે કંઈ જ કરવું નથી. તારી આજ્ઞા પ્રમાણ છે." આ સાંભળી માને કેટલો આનંદ થયો હશે, તેનું વર્ણન શક્ય નથી છતાં પૂર્વની અવસ્થા અને વર્તમાન અવસ્થામાં શેઠાણીનું હૈયું એક જ સરખું નિરભિમાની હતું. પછી તો એ પુત્રે દેવાંગના જેવી આઠ કન્યાઓનું મોટા સમારોહપૂર્વક પાણિ–ગ્રહણ કર્યું અને કરોડોનો દાયજો મેળવ્યો. થોડા સમય પછી પુત્રે આઠ સ્ત્રીઓ સાથે પરદેશ જવાનો વિચાર રજૂ કર્યો. ત્યારે બે શાંત અને શાણી પત્નીઓએ પતિનાં તીર્થસ્વરૂપ પૂજ્ય માતાની સેવા કરવા રહેવાની ઇચ્છા પતિને દર્શાવી. બન્નેના વિવેકથી પતિને આનંદ થયો. બાકીની છ સ્ત્રીઓ અને સેંકડો શેઠ–શાહુકારના પુત્રો અને નોકર–ચાકરોના મોટા કાફલા સાથે પુત્રે દેશાટન માટે પ્રયાણ કર્યું. પુણ્યશાળી જ્યાં જાય ત્યાં મોટા મહોત્સવો થાય છે, માન–સન્માન મળે છે અને સંપત્તિઓ તેને શોધતી આવે છે.

બાર માસ સુધી ઘૂમી પુત્ર કરોડોની પેદાશ કરી પોતાના નગર તરફ પાછો વળી રહ્યો છે. રત્ન–મણિ–માણેકનાં ગાડાંઓ ભરેલાં છે. સુખનાં સઘળાં સાધનો સાથે છે. ગીતગાન–નાટારંભ આદિમાં આખો દિવસ પસાર થાય છે. બે ચાર દિવસમાં પોતાનું નગર આવી પહોંચે એવા સ્થળે પુત્ર આવી ગયો છે. મા, બન્ને સ્ત્રીઓ અને નગરના ન્યાયી રાજાને અને નગરના લોકોને મળી, ભેટી પરદેશના અવનવા કહેવાનો ઉમંગ કુમારને માતો નથી.

બીજી તરફ લાંબા કાળથી પરદેશ રહી શેઠ પોતાના વતન તરફ આવતા હતા આખો દિવસ પગે ચાલતા અને અત્યંત પરિશ્રમ કરતા શેઠ ચારેક નોકરો સાથે રાત્રે એક સ્થળે નિરાંતે ઊંઘ લઈ સવારે પાછા પ્રયાણ શરૂ કરી દેતા. કુમારે જે સ્થળે પડાવ નાખ્યો હતો એ સ્થળે આવી તેઓ સૂતા. પણ આ સ્થાનમાં તો ગીત–ગાન–નાટારંભ આદિથી રાતના બાર વાગ્યા સુધી ગર્જના થયા કરતી હતી. તેથી તેમને કંટાળો આવ્યો. બીજું કોઈ યોગ્ય સ્થળ હતું નહિ એટલે પોતાનાં માણસ મોકલી ગાયન–નાટક બંધ કરાવવા તેમણે પ્રયત્ન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર્યો પણ સફળતા શી રીતે મળે? જ્યાં શેઠજી (પુત્રના) ના દરવાજામાં પેસવાનું જ મુશ્કેલ હોય ત્યાં આવા સંદેશ સંભળાવવાની તો વાત જ ક્યાંથી? આ કાફલાના માલિક ઉપર નવા આવનાર શેઠને કારમો રોષ ચઢ્યો. બીજે દિવસે બન્ને શેઠે પ્રયાણ કર્યું. ધનાઢ્ય શેઠનો કાફલો સાધનો દ્વારા યોગ્ય સ્થળે પહોંચી જતો અને જગ્યા રોકી લઈ રાવટીઓ ખડકી નાખતો. જગ્યાના અભાવે સાધન વગર પાછળ આવનાર શેઠને પણ ત્યાં જ ઊતરવાનું અને જમવાનું થતું.

ઉતરવાના સ્થાનની અગવડથી અને આ સ્થાન ગાજતું રહેવાથી, રાતના બાર વાગ્યા સુધી ઊંઘ ન આવવાથી શેઠનો વિવેક દીપક બુઝાઈ ગયો. પોતાના વિશ્વાસુ નોકર દ્વારા ઉપકારી ધનાઢ્ય શેઠજીનો પ્રાણ લેવાનો તેમણે પ્રયત્ન કર્યો. નોકર પૂરો છળકપટી હતો. રાત્રિના એક વાગે બધું યે શાંત થઈ જતાં તે કોઈ યુક્તિથી એ પુણ્યશાળી શેઠની રાવટીએ પહોંચ્યો અને એવી રીતે સળગાવી કે પોતે પકડાઈ ન જાય અને આ શેઠજી બચી પણ ન જાય. જે રાવટી બાળવામાં આવી તેમાં શેઠજી અને એક સ્ત્રી સૂતેલાં હતાં. બીજી રાવટીમાં બીજી સ્ત્રીઓ અને ધાવણાં બાળકો સૂતાં હતાં. શેઠ–શેઠાણીને બચાવવાનો પ્રયત્ન ઘણો થયો પણ નિષ્ફળ ગયો. કુમારનું આ રીતે કરુણ મૃત્યુ થતાં કાફલાના બધા માણસો છાતીફાટ રુદન કરવા લાગ્યા. તે વખતે પાછળથી આવનાર શેઠજી અને તેના ચાર નોકરો આનંદમાં ગુલતાન બની ગયા. તેમને ટાઢક વળી કે, હવે નિરાંતે ઊંઘ આવશે.

મોટો કાફલો ભાગલા પગે એક બે દિવસે પોતાના નગરમાં પહોંચ્યો. પાછળથી આવનાર શેઠજી લાખેક રૂપિયા કમાઈને આવ્યા હતા એટલે ધરતી પર તેમના પગ ઠરતા નહોતા. આનંદ અને અભિમાનમાં તેઓ વિચારે છે કે, "ઘેર જઈશું, સ્ત્રીની આગળ આવડતની અને કમાણીની વાતો કરીશું. છોકરો પણ વીસ–બાવીસ વર્ષનો થયો હશે, એને પરણાવીશું. પછી લોકો તિરસ્કાર કરી શકશે નહિ." આવા વિચાર કરતા શેઠ પોતાના ચાર માણસો સાથે નગરમાં આવી પહોંચ્યા. કુમારના કરુણ મૃત્યુના સમાચારથી આખા નગરમાં શોકની કાળી છાયા પથરાઈ ગઈ હતી. તેવામાં પેલા શેઠજી ગામમાં આવતાંવેંત જ્યાં પોતાના ઘેર જાય છે ત્યાં પહેલાંની ઝુંપડી નથી પણ હાથી, ઘોડા સાથે મોટો મહેલ છે. ત્યાં નવયુવાન સ્ત્રીઓ કારમો વિલાપ કરી રહી હતી. માથાના વાળ લેવડાવવાની ક્રિયા ચાલુ હતી. શેઠે પોતાના ઘરની પૂછપરછ કરી. લોકોએ શેઠને ઓળખ્યા. બધી બીના કહી. છોકરો બે દિવસ પૂર્વે જ રાવટીમાં બળી ગયો એ સમાચાર જાણી શેઠ મૂર્છિત થઈ ઢળી પડ્યા. હાથનાં કર્યાં હૈયે વાગ્યાં. મૂર્છા ઉતરતાં શેઠાણી પાસે ગયા. શેઠાણીએ ભારે કલ્પાંત સાથે કહ્યું: "બે દિવસ પહેલાં જ પુત્રનું ક્રૂર દૈવે કરુણ મૃત્યુ નીપજાવી આપણી ઉપર કાળો કેર વર્તાવ્યો છે. તમે પુણ્યશાળી પુત્રનું મુખ કે તેની ઇજ્જત જોઈ ન શક્યા એનું મને દુઃખ થાય છે."

